# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-08-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-નવી દિલ્હી રાષ્ટ્રી ધોરીમાર્ગ ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને ભારતમાં બનેલા ઉત્પાદનો પર વિશ્વાસ કરવા અને ખરીદવા વિનંતી કરી છે.

આજે નવી દિલ્હીમાં લગભગ ૧૧ હજાર કરોડ રૂપિયાના બે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરતા, શ્રી મોદીએ કહ્યું કે દેશને મજબૂત બનાવવા અને તેને આત્મનિર્ભર બનાવવા માટે આપણે મહાત્મા ગાંધીજી દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે આગામી પેઢીના GST સુધારાઓ દેશવાસીઓને બેવડા લાભ આપશે.

-------------------------------------------------------------------------------------------

## CM-સહકારી બેંક ઉદ્ઘાટન :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના સોલા સ્થિત કુકરવાડા સહકારી બેંકનું ઉદઘાટન કર્યું હતું. ચોથી સહકારી બેંકના ઉદઘાટન બાદ તેમણે બેંકની મુલાકાત લઇને બેંકની તમામ સેવાઓની જાણકારી મેળવી હતી.સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઉદ્દઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ આ નવી શાખાને સહકારી ક્ષેત્રનું નવું સોપાન ગણાવ્યું હતું.

-------------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ-આચાર્ય દેવવ્રત-પ્રાકૃતિક કૃષિ શિબિર:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે હિન્દુસ્તાન કૃષિ સંશોધન કલ્યાણ સોસાયટીના સહયોગથી પ્રાકૃતિક કૃષિ અને ઉભરતી ટેક્નોલોજી વિષયક ૩૦ દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ શિબિરનો શુભારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર વિકલ્પ નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સ્વસ્થ જીવન અને પર્યાવરણ સંરક્ષણનો નિશ્ચિત માર્ગ છે. તેમણે વધુમાં કહ્યું કે પ્રાકૃતિક ખેતી એ ઓર્ગેનિક ખેતીથી અલગ છે, પ્રાકૃતિક ખેતી શુદ્ધ સૂક્ષ્મજીવાણુઓની ખેતી છે

શ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે, જો દેશના ખેડૂતો મોટા પાયે પ્રાકૃતિક ખેતી અપનાવે છે, તો ખેડૂતોની આવકમાં વધારો થશે.

---

## શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવણી-કચ્છ :

રાજ્યની સાથે કચ્છમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની મોડી રાત્રે ભારે ધામધૂમથી ઉજવણી થઈ હતી. મધ્યરાત્રે બાર વાગ્યે કૃષ્ણ જન્મના વધામણા લેવાયા તે સાથે દેવ મંદિરો નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી ના જયઘોષ થી ગુંજી ઊઠ્યા હતાં. તો શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં મટકી ફોડ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભુજના દ્વારકાધીશ મંદિર, હરે કૃષ્ણ મંદિર અને નાગર કુળના હવેલી મંદિરમાં મુરલીધરને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટી પડી હતી.

આજે સવા થીજ નંદ મહોત્સવ નિમિતે ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. બંદરીય શહેરો માંડવી અને મુન્દ્રામાં આજથી રવાડી ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આજે લોહાણા સમાજની નાની રવાડી જ્યારે આવતી કાલે ખારવા સમાજ મોટી રવાડીનો ઉત્સવ ઉજવાશે. માંડવીમાં નગર પાલિકા દ્વારા બે દિવસના મેળાનો આજ થી આરંભ થયો છે. વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રાસ ગરબા અને સાંસ્કૃતિ કાર્યક્રમો પણ યોજાયા હતા.

---

## ભચાઉ-મટકીફોડ-દુર્ઘટના :

કચ્છમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ગોકુળ આઠમના પર્વની ઉમંગ ભેર ઉજવણી વચ્ચે ભચાઉના ચોબારી ગામે મટકી ફોડ દરમિયાન દુર્ઘટના સર્જાતા ઉજવણીનો માહોલ માતમમાં ફેરવાઈ ગયો હતો.

મટકીના રસ્સા ઉપર ભારે દબાણ આવતા વિજપોલ અચાનક ધરાશાઈ થયો અને 12 વર્ષના બાળકનું ગંભીર ઇજાઓ બાદ સારવાર મળે તે પહેલાજ કરુણ મોત નિપજ્યું હતું. આ કરુણાતિકાથી ગામ સાથે વાગડ પંથકમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે.

---------------------------------------------------------------------------------------------------

## નખત્રાણા-મુંદરા-માંડવી પવન ચક્કી આગ ઘટના:

કચ્છ જિલ્લામાં એક જ દિવસમાં ત્રણ અલગ-અલગ સ્થળે પવનચક્કીઓમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. નખત્રાણાના પાનેલી-વાલકા સીમાડામાં એક પવનચક્કીમાં આગ લાગી હતી. એ જ સમયે મુન્દ્રાના વવાર-ચાંદ્રોડા-વલાડીયા સીમાડામાં પણ એક પવનચક્કી સળગી ઉઠી હતી. બંને ઘટનાઓ સવારના સમયે બની હતી. માંડવીના દુજાપર વિસ્તારમાં પણ એક પવનચક્કીમાં આગ લાગવાની ઘટના નોંધાઈ હતી. સદ્ભાગ્યે, આ ત્રણેય ઘટનાઓમાં કોઈ જાનહાની થઈ નથી.

---------------------------------------------------------------------------------------------------

## વરસાદ કચ્છ:

આજે સવાર થી અતિશય ગરમી બાદ આજે સાંજના છ વાગ્યે ગાજવીજ સાથે વરસાદ થયો હતો. ખેતી માં નવજીવન આવી ગયું છે. કાચાં સોના જેવો વરસાદ થયો છે. ખેડૂતો,માલધારી તેમજ આમ જનતામાં ખુશી છવાઈ ગઈ છે, એમ અમારા આકાશવાણી સમાચાર મિત્ર ડુમરાથી જયેશ ગોસ્વામીએ જણાવ્યુ હતું.

દરમ્યાન જીલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળતી વિગતો મુજબ માંડવીમાં આજે 2 મિલીમીટર વરસાદ નોંધાયો છે. અન્યત્ર વરસાદ પડ્યા હોવાના અહેવાલ નથી.

---

## યાત્રી પટેલ-એશિયન ગેમ્સ:

ગુજરાતની યાત્રી પટેલે બેંગકોકમાં યોજાયેલી એશિયન અંડર-૨૨ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો હતો. યાત્રી પટેલે મહિલાઓની 75 કિગ્રા વજન વર્ગની સ્પર્ધામાં રજત ચંદ્રક મળ્યો હતો..

---